## કાપોદ્રાના જવેલર્સની દુકાનમાંથી ગુમ થયેલા સોનાના દાગીના ગણતરીના દિવસોમાં શોધી દુકાન માલીકને પરત કરતી, કાપોદ્રા પોલીસ

ગઇ તા.૧૧/૦૯/૨૦૨૨ ના રોજ કાપોદ્રા નાકરાણી જવેલર્સની દુકાનમાંથી સોનાના પેન્ડલ નંગ- ૦૪ તથા સોનાની બંગળી નંગ- ૦૨ તથા સોનની બુટ નંગ- ૦૨ જેની કિ.રૂ. આશરે અઢી લાખની મત્તાના સોનાના દાગીના ગુમ થયેલા જે બાબતે દુકાનના માલીક નાઓએ અત્રેના પો.સ્ટે. ખાતે એક લેખિત રજુઆત કરેલ લેખિત રજુઆતની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એમ.ચૌધરી નાઓએ સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઇ. પી.જી.ડાવરા નાઓને સોપેલ જેની આગળની તપાસ માટે સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઇ. રમેશભાઇ હરીભાઇ બ.નં. ૨૪૫૩ તથા અ.હે.કો. સુધીરભાઇ લાલજીભાઇ બ.નં. ૧૩૭૫ નાઓએ મોકલેલ જેઓએ જવેલર્સની અંદર લાગેલ સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજ ચેક કરતા એક મહિલા દુકાનની અંદર ખરીદી કરવા આવેલ હોવાનુ અને ઘરેણા જોતી/ખરીદી વખતે તેના પર્સમાં ઉપરોકત સોનાના દાગીના મુકતી હોવાનુ જણાઇ આવેલ જે મહિલાને શોધી કાઢવા સારૂ ટેકનીકલ વર્ક આઉટ તથા હ્યુમન સોર્સીસ તથા સી.સી.ટી.વી. કેમેરા આધારે અજાણી મહિલાને શોધી કાઢી અરજદારના ગુમ થયેલા તમામ સોનાના દાગીના અરજદાર/માલીક સાથે ખરાઇ કરી પરત સોપેલ છે.